Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા


જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૦ • તા. ૨૪ જુલાઈ ૨૦૧૭ થી ૩૦ જુલાઈ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## અચલગચ્છના એક ઓજસ્વી ચારિત્ર્યશ્રમણની વિદાય



## પૂ. મુનીરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા.

કાળધર્મ : તા. ૨૦-૭-૨૦૧૭

''ચારિત્ર્ય'' જીવને આપ શ્રદધા ભક્તો માટે સદા ''સર્વ-ઉદય''ની ભાવના ભાવી વિસર્જન થી સર્જન સુધી, વિકૃતિ થી સંસ્કૃતિ તરફની સંયમ યાત્રાને અષાઢ વદ ૧૨ ના ગુરૂવાર તા. ૨૦-૭-૨૦૧૭ના પૂર્ણ કરી ચાતુર્માસાર્થે વડાલા મુકામે સવારના ૮.૧૫ કલાકે હજારો શ્રદધા ભક્તો વચ્ચે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા !!

૫૮ વરસની ઉમરે ૪૧ વરસનો સંયમ પર્યાય પાળી, વિહાર યાત્રાએ ભારતમાં ઠેર ઠેર ભ્રમણ કરી, મુખ કમલ, કર કમલ અને ચરણ કમલ દ્વારા સંયમે સંસ્કૃત ચારિત્રે મહેક ફેલાવી હતી.

પૂજ્યશ્રીએ આપણી જ્ઞાતિના ભવ્ય ઈતિહાસ અંગે એકાદ દાયકા સુધી ઉંડુ અધ્યયન-સંશોધન કર્યું હતું અને તેનો અધિકૃત ગ્રંથ પ્રગટ કરવા સર્વ પૂર્વ તૈયારી કરી લીધી હતી.

જ્ઞાતિ પ્રત્યેની આપણી વિશેષ સ્નેહની ભાવનાઓ ગ્રંથ સ્વરૂપે સત્વરે ફળિભૂત થાય એજ અભ્યર્થના....

**પ્રકાશ સમીક્ષા સમિતિ પરિવાર**

# પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## આપને મનોમન વંદન કરતો રહું છું



કોઈ વાર હે પૂજ્ય પિતાશ્રી
દર્પણમાં આપનાં દર્શન કરું છું.
મારા ચહેરાના અણસારની
પાછળ છુપાયેલું આપનું સ્વરૂપ
એકાદ ક્ષણ
વીજ-ઝબકારની જેમ પામી લઉં છું.
પડછાયાની જેમ આપ મારી સાથે હો
એવો આનંદ મનોમન માણી લઉં છું.
જાણે કે એક જ સિક્કાની
બે બાજુઓ પર
આપણી હોય સહઉપસ્થિતિ.
આપના
આનુવંશિક વૃક્ષની ડાળે
બેસી સમયને
એના નવા રૂપ અને રંગમાં અનુભવીને
આપને મનોમન વંદન કરતો રહું છું.

સ્વર્ગવાસ : તા. ૨૭/૦૭/૨૦૧૨

**સાંઘવરત્ન**
**શેઠ શ્રી મુલજી રાઘવજી લોડાયા**

### સસ્નેહ વંદન



પત્ની : **કાંતા મુલજી લોડાયા**

પુત્રી-જમાઈ : **અ.સૌ. જયશ્રી અને ડૉ. કાંતીલાલ નરશી દંડ**
**અ.સૌ. આશા અને નરેશ લક્ષ્મીચંદ સોની**
**અ.સૌ. મનીષા અને બકુલ પંઢરીનાથ પાટીલ**

**દિનેશ - મીતુ, અમીત - ધારીણી,**
**પૂજા, આદિત્ય, પ્રેશા, નિર્મિત, હેમાંગ અને વિહા**
**તથા**
**MRL Group of Companies નો સમગ્ર સ્ટાફ**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

ઉદયન લાલજી શાહ

**અંક નં. 30/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અંધશ્રદ્ધા અને આપણે

દુનિયાનો કોઈ પણ દેશ ભાગ્યે જ એવો હશે કે ઓછવત્તે ચમત્કારમાં નહીં માનતો હોય. પ્રાચીન કાળથી પ્રજા ચમત્કારોથી વિસ્મિત અને પ્રભાવિત થતી આવી છે. જે જમાનામાં વિજ્ઞાન લગભગ નહોતું તેવે સમયે અંધશ્રધ્ધાનું પ્રાબલ્ય હોય એ સ્વભાવિક છે, પણ વિકસતા વિજ્ઞાન સાથેય ચમત્કાર પર લોકોની (અંધ) શ્રધ્ધા ચલિત થઈ નથી એ પણ એક આશ્ચર્ય છે. વિજ્ઞાનના વિકાસયુગમાં પણ ક્યાંક ગણપતિ દૂધ પિતા હોય એવી અફવા ફેલાય કે તરત લોકોનાં ટોળે ટોળા એમને દૂધ  પિવડાવવા દોડાદોડ કરી મૂકે છે, એમાં અંધશ્રધ્ધાવાન, અભણ લોકો ધસી જાય એ સમજી શકાય પણ શિક્ષિત અને વિજ્ઞાનની સમજવાળા લોકોનીય દોડા-દોડ ત્યાં હોય છે.

કોઈની શેરીમાં કે સોસાયટીમાં ધરતીમાંથી પાણીની ધારા નિકળીને વહેવા માંડી એટલે 'ગંગા પ્રગટી' એવા આનંદ અને આર્શ્ચયના ઉદ્‌ગારો બહુજન સમાજમાંથી થવા માંડે છે. કોઈની હથેળીમાંથી કંકુ ઝરે, કોઈના મસ્તકમાંથી સિંદૂર નીકળે એટલે એ વ્યક્તિ પૂજ્ય બની જાય, એની વાહવાહ થઈ જાય એને પણ લોકો ચમત્કાર માની બેસે. જન-સમાજમાં આજે પણ ચમત્કારોની ભારે બોલબાલા છે. આધુનિક સંતો પણ ભક્તો પર પ્રભાવ પાડવા કંઈ કંઈ ચમત્કારોનો આશ્રય લે છે. કોઈ એમના લાંબા જટિયામાંથી તાવીજ કાઢી આપે, કોઈ માળા કાઢી આપે અને એમ ભક્તોને પ્રભાવિત કરે.

આવા ચમત્કારોથી આર્શ્ચયમુગ્ધ બનાવીને થઈ બેઠેલા સંતોની અસર તળે આવી જનારા અતિ વિશાળ સમૂહની સામે લાલબત્તી ધરવાની તાતી જરૂર છે. સમાજમાં અર્ધદગ્ધ વ્યક્તિઓનો સમૂહ વિશાળ છે. એમની પધ્ધતિ દૂધ અને દહીં બન્નેમાં પગ રાખવાની છે. એ અધકચરા બુધ્ધિશાળી છે અને અંધશ્રધ્ધામાં ખેંચાઇ જાય છે. ચાલો બાવળા, ચાલો આસારામ બાપૂ પાસે, ચાલો રાધે-મા પાસે. પછી એમના કરતૂતો ખૂલે છે, છતાંયે આ અંધશ્રધ્ધાળુઓની આંખો ખૂલતી નથી.

પાછળ વહી ગયેલી આપણી પાંચમી કે સાતમી પેઢીના લોકોને ટેલિવિઝનનું સ્વપ્નુંય આવ્યું હશે ખરૂં ? પરંતુ સત્તરમી કે ઓગણીસમી સદીનાં રીતરસમ અને માન્યતાઓ સાથેનો નાતો આપણે હજી તોડ્યો નથી ! પરિણામે આપણા પૂર્વજો જે માન્યતાને કારણે છેતરાતા હતા તે જ માન્યતાઓને લઇને આપણે પણ એમજ છેતરાતા રહીએ છીએ. ઢોંગી તાંત્રિકો સાથે ઢીંચણીએ પડતા આપણે નાનમ અનુભવતા નથી. શરમજનક તો એ છે કે મહત્વની ઉપલબ્ધિ એવા ટેલિવિઝન પર લેભાગુ તાંત્રિકો દ્વારા સમાજમાં અંધશ્રધ્ધા ફેલાવતા કાર્યક્રમોનું પ્રસારણ અવિરત ચાલુ રહે છે. જાદુઈ મોતી -મણકાની માળા, બાજુબંધ, વગેરેની બેધડક જાહેરાત કરવામાં આવે છે. વિજ્ઞાને ઉપલબ્ધ કરી આપેલા આધૂનિક સાધનો દ્વારા અંધશ્રધ્ધાનો પ્રચાર-પ્રસારણ થઈ રહ્યું છે. એશું આર્શ્ચયકારક ઘટના ન કહેવાય ?

પૂર્વજોએ કેળવેલી અંધશ્રધ્ધા આજના વિજ્ઞાન યુગમાં પણ અમારી સાથે જ છે, અં શું ઓછું છે ? હજીયે અમારી બારસાખે ઘોડાની નાળ ઠોકેલી જોવા મળે છે. હજીયે ત્રણ લીલા મરચા વચ્ચે લીંબુ લટકાવી રાખ્યું છે ! દોરા, ધાગા, તાવીજ અને માદળિયું તો અમારું વારસાગત ઘરેણું છે. અચે ચંદ્ર પર જઈ આવ્યા પણ ગળામાંથી માદળિયું છૂટતું નથી. અમે લેપટોપને ખોળામાં રાખીને શનિની પનોતી વિશે જ્યોતિષીઓને પૂછીએ છીએ ! લેપટોપ અને કોમ્પ્યુટર જેવા ટેકનોલોજીના આધુનિક સાધનો પણ જન્મ કુંડળી બનાવી આપવામાં છોછના રાખતા હોય તો સાવ દેશી માર્કાના સેલ્ફ મેઇડ જ્યોતિષીઓ કોઈની કુંડળીમાં મંગળને બેસાડવા કે ઉઠાડવા શા માટે પાછીપાની કરે ?

પૂર્વજો તરફથી મળેલા વારસામાં કશું ઘટાડી તો શક્યા નથી પરંતુ વાસ્તુશાસ્ત્રનો ઉમેરો કર્યો

છે. વાસ્તુશાસ્ત્ર વર્તમાનયુગની ઉપજ છે. આપણા સ્થાપત્યની આલીશાન વારસા સમી દેશભરમાં ફેલાયેલી ભવ્ય ઐતિહાસિક ઈમારતો વાસ્તુશાસ્ત્રની મોહતાજ નહોતી. ભવ્ય રજવાડાની સાક્ષી પૂરતા રાજ મહેલો અને કિલ્લાઓ વાસ્તુશાસ્ત્રની સલાહ વગર બન્યા છે અને હજીયે અડીખમ ઊભા છે. એક કાંકરી પણ એમાંથી ખરી નથી. ચારસો પાંચસો વર્ષ જૂની ઈમારતો આજે પણ એની ને એવી જ છે. અને વાસ્તુશાસ્ત્ર મુજબ બનાવેલા મકાનો પાંચ સાત વર્ષમાં પડી ભાંગ્યા હોવાના અનેક પુરાવા આપણી પાસે છે.

ધરતીકંપ વાસ્તુશાસ્ત્રની સહેજે શરમ રાખતો નથી. બહુમાળી ઈમારતોના ફ્લેટના પ્રવેશદ્વારો અને બારીઓ સિવીલ ઇન્જિનિયરના નકશા મુજબ બને છે કે વાસ્તુશાસ્ત્રના હિસાબે મુકાતા હોય છે ? આમાં વાસ્તુશાસ્ત્રનું કાંઈ ઉપજતું નથી એટલે ઘરની આંતરિક સજાવટમાં માંથુ મારે છે. આપણા ઘરની સજાવટ આપણી પોતાની મનગમતી રીતે નહીં કરવાની ? સોફાસેટ અને ફર્નિચર જ્યાં ગોઠવાયું હોય ત્યાં જ વર્ષો સુધી રાખવાનું ? ફેરફાર નહીં કરવાનું ? સોફાસેટ વિગેરે બીજે ખસેડવાથી પણ થોડું નવું લાગવા માડે છે. તો શું એવી તજવીજ આપણે નહીં કરવાની ?

આમ તો આપણી સૌની સમજ સિમિત અને સંકુચિત છે. એટલે જ વારંવાર એકને એક જગ્યાએ ઠોકરો ખાતા રહીએ છીએ અને આમ ઠોકરો ખાતા ખાતા જ પાણી મંતરી આપનાર ખેરાળુ બાપુથી માંડીને આશારામ બાપુ સુધી પહોંચી જઇએ છીએ. આશારામની છાવણીમાંથી છટકી ગયેલા કેટલાક લોકો નવા બાપુની શોધમાં લાગી ગયા હતા. કેટલાકને બાપુ મળી પણ ગયા છે. એકાદ બાપુ તો જોઇએ જ, નહિંતર આ જન્મારો એળે ના જાય ?

**– પ્રવીણ લોડાયા,** વડોદરા


**જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.


For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા અન્યથા જાહેરાત આપવી : વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી તેમ છતાં જાહેરાતના માધ્યમ દ્વારા આવી વિગતવાર માહિતી આપી શકાશે.**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## ''જ્ઞાતિ માં ગચ્છાંતર પ્રવૃત્તિ''

આપણી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ, મૂળભૂત દેરાવાસી સંપ્રદાય અને અચલગચ્છ ની સમાચારી પાળે છે. આપણા જ્ઞાતિ બંધારણ માં આ નિયમ છે. આપણા પૂર્વજો એ, ખૂબજ દૂરંદેશીથી જ્ઞાતિમાં એકતા, સમાનતા, સંપ, સલાહ, ધાર્મિક સુમેળ જળવાઈ રહે તે હેતુથી આ નિયમ કરેલ છે. પરિણામે, વિવિધ પ્રદેશમાં વસવાટ કરતા હોવા છતાં ધર્મ, સંસ્કૃતિ, સંસ્કારિતા તથા જ્ઞાતિગરિમાનું એકે સુત્રે જતન કરી, આપણે પ્રગતિના પંથે ધપીએ છીએ.

થોડા સમયથી જ્ઞાતિ ના કોઈ યુવા - યુવતીઓ તપાગચ્છ ની સમાચારી પ્રત્યે આકર્ષાઈ, તે અનુસરે છે. તેઓ પૈકી કેટલાક ભાગ્યશાળી, અચલગચ્છ ની સમાચારી ખોટી છે અને તે અનુસરવા યોગ્ય નથી, એવો અપ-પ્રચાર કરે છે, અને જ્ઞાતિજનોને ગચ્છાંતર કરવા પ્રેરણા કરે છે. આ મારો અંગત અનુભવ છે. સરળ સ્વભાવના જ્ઞાતિજનો આ અપ-પ્રચારથી દ્વિધા અનુભવે છે. આ પ્રચારકો, શાસ્ત્રો / આગમોનું પ્રમાણ રજુ કરી, સિદ્ધ કરે કે;

૧. અચલગચ્છ ની સમાચારી શાસ્ત્રોક્ત નથી.

૨ ભાદરવા સુદ ૫ ના સવંત્સરી આરાધના તથા પૂનમ - અમાસ પાંખી તિથી, શાસ્ત્રો અનુસાર નથી.

૩. શ્રી અરીહંત પ્રભુની ભક્તિની ક્રિયા/કર્મ જે મોક્ષસાધ્ય છે, તે સમાચારી વિરુધ પ્રચાર, કર્મબંધનું કારણ નથી? તે થકી વધારે ભવ પરીભ્રમણ દોષ નહિ થાય?

૪. અન્યની માન્યતા / મતનો આદર કરવું, એ સામાન્ય નિયમનો તમારા દ્વારા ભંગ નથી? અચરજ થાય છે.

જ્ઞાતિજનોએ અપ-પ્રચાર થી મુંઝાઈ જવું નહિ. શ્રી અરીહંત પ્રભુની ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્તિના હેતુસર અચછગચ્છની સમાચારી, પ્રખર ધુરંધર ગીતાર્થ આચાર્ય ભગવંતો દ્વારા, આગમો અને શાસ્ત્રોના આધારે નિર્મિત છે, આમાં કોઈએ શંકા કરવી નહિ.

''શ્રી શ્રાદ્ધ વિધિ પ્રકરણ ગ્રંથ'' (સંવંત ૧૫૦૬) માં પ્રખર ગીતાર્થ તપાગચ્છીય આચાર્ય ભગવંત શ્રી રત્નશેખર સૂરીશ્વરજી મહારાજા જણાવે છે :-

''વિવિધ સમાચારીની શ્રી અરીહંત પ્રભુની ભક્તિની ક્રિયા વિધિમાં ફરક હોય, તેથી મુઝાવું નહિ. વિવિધ ગણધર ભગવંતોની સમાચારી માં પણ ઘણા ભેદ હોય છે. જે જે ક્રિયા, કર્મ ધર્મ થી વિરુધ્ધ ન હોય, અને શ્રી અરીહંત ભગવંતની ભક્તિના પોષક હોય, તે કોઈ આચાર્યને અસંમત નથી, આ વિધાન સર્વ ધર્મકૃત્ય માટે સમજવું.''

પૂજ્ય આચાર્ય ભગવંતના ઉપરોક્ત વિધાનના ઉપલક્ષમાં, જ્ઞાતિજનો અને અચલગચ્છની સમાચારી અનુસરનાર શ્રદ્ધાવંતોએ આપણી પરંપરાગત સમાચારી અનુસાર શ્રદ્ધાપુર્વક શ્રી અરીહંત પરમાત્માની ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્તિના લક્ષ્યની સાધનામાં પ્રવૃત રહેવું, એ શ્રેયકર છે.

મારી અલ્પ સમજ, પણ અચલગચ્છ અને જૈન ધર્મપ્રત્યેની અતુટ શ્રદ્ધા, બંધન અને વફાદારીને કારણે આ લખાણ, માર્ગદર્શન અર્થે સદ્ભાવનાથી લખેલ છે.

**- મહેન્દ્ર દેવજી ખોના,** થાણા

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ

**મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩/૮/૨૦૧૭ને બુધવારના રાત્રે ૯.૦૦ કલાકે સાંધવ મુકામે રાબેતા મુજબ રાખવામાં આવેલ છે.**

**એજન્ડા**

૧) ગત મિનિટસનું વાંચન અને બહાલી.

૨) F.Y. ૨૦૧૬-૧૭ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.

૩) F.Y. ૨૦૧૭-૧૮ માટે ઓડીટરની નિમણુંક બાબત.

૪) આગામી પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓની નિમણુંક બાબત ચર્ચા-વિચારણા.

૫) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા-વિચારણા.

૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે બાબત ચર્ચા-વિચારણા.

લી. **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**
વતી
**પ્રમુખશ્રી શામજી નરશી દંડ**

**નોંધ :** કોરમના અભાવે મુલ્તવી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

શ્રી મહાવીર એમ્બ્રોઈડરી
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી /ટેસ્ટેડ જરીની સાડીઓ - ચણીયા ચોલી
• ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
• પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
• તૈયાર તેમજ ઓર્ડરથી પણ
સોમવારે બંધ

★ આરાધક પ્રવેશ ફોર્મ ★

# શ્રી શત્રુંજય - જય તળેટી - ૩૬ દિવસીય - સીનીયર સીટીજન ૯૯ આરાધના પર્વ

**કાર્તિક વદ ૫ થી માગસર વદ ૧૧**

**૮/૧૧/૨૦૧૭ થી ૧૩/૧૨/૨૦૧૭**

પુરું નામ : ______________________

જન્મ તારીખ : ______________ ઉંમર : __________

મૂળ વતન : ______________________

મોબાઈલ નં. ______________________

૧ ફોટો અહીં લગાવવો

હાલનું પુરું સરનામું : ______________________

______________________

પહેલાં કોઈ નવ્વાણું કરી છે? હા / ના ________ ક્યાં? __________ કેટલીવાર : ________

કોઈ બિમારી હોય તો વિશેષ વિગત :______________________

______________________

આરાધકની સહી

---

(અહીંથી કાપીને પોતાની પાસે રાખવું.)

## ❖ આરાધકો માટે વિશેષ વિગત ❖

● આ પ્રવેશ ફોર્મ માત્ર સીનીયર સીટીઝનો જ ભરી શકશે. ● પ્રથમવાર ૯૯ કરનાર આરાધકોને અગ્રિમતા આપવામાં આવશે. ● ૧ ફોટો I.D. સાઈઝનો અને આધાર કાર્ડની ઝેરોક્ષ પ્રવેશ ફોર્મ સાથે મોકલવાના રહેશે. ● યાત્રા દરમ્યાન એકાસણા તપ સહિત ધનવસી ટૂંક (બાબુના દેરાસર) ની દરરોજ ત્રણ યાત્રાઓ કરવાની રહેશે. ● દરેક આરાધનામાં અવશ્ય હાજરી આપવાની રહેશે. ● આરાધના માટેના જરૂરી ઉપકરણો સાથે લાવવાના રહેશે. ● ફોર્મ પાસ થયેલા આરાધકે ૭/૧૧/૨૦૧૭ સાંજ સુધી પાલીતાણા પહોંચવાનું રહેશે. (પ્રવેશ ફોર્મ ભરીને કવર પર ''સીનીયર સીટીજન ૯૯ યાત્રા'' લખવાનું રહેશે.) ● આપનું ફોર્મ પાસ થયે થી આપને SMS દ્વારા સમાચાર મોકલવામાં આવશે. ● આ ફોર્મની ઝેરોક્ષ કરાવીને ભરવાનું રહેશે. ● ફોર્મ ભરીને પરત કરવાની આખરી તા. ૨૭/૮/૨૦૧૭, ભાદરવા સુ. ૬ રહેશે. ● આરાધકે સંસ્થાના / સમિતિના નિયમો / નિર્ણયોને માન્ય રાખવાના રહેશે. ● મર્યાદિત સંખ્યામાં આરાધકો લેવાના હોઈ વહેલો તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે.

**ફોર્મ પરત કરવાનું એડ્રેસ (સરનામું) :**

**શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા**, નવાગઢ, ચાર થાંભલાની સામે, પાલીતાણા, સૌરાષ્ટ્ર - ૩૬૪ ૨૦૭.
ફોન નં. : ૦૨૮૪૮ - ૨૫૨૧૮૬

**ફોર્મ ભરવાનું સ્થળ :-**

| મસ્જિદ બંદર | ઘાટકોપર | ભાંડુપ | મુલુંડ | ડોંબિવલી |
|---|---|---|---|---|
| શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ<br>અનંતનાથ દેરાસર,<br>અનંતનાથ ચોક, મસ્જિદ બંદર. | શ્રી જીરાવલ્લા જૈન દેરાસર<br>દેરાસર લેન,<br>ઘાટકોપર (ઈસ્ટ). | શ્રી ભાંડુપ જૈન સંઘ<br>અનંત સિધ્ધિ,<br>એલ.બી.એસ. માર્ગ,<br>ભાંડુપ (વેસ્ટ). | શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર<br>ઝવેર રોડ,<br>મુલુંડ (વેસ્ટ) | શ્રી સુવિધીનાથ જૈન દેરાસર<br>માનપાડા રોડ,<br>ડોંબિવલી (ઈસ્ટ) |

|| શત્રુંજય તીર્થ રક્ષક
શ્રી કપર્દી યક્ષાય નમઃ ||

|| ૐ હ્રીં અર્હં નમઃ ||
|| શ્રી શત્રુંજય તીર્થમંડન શ્રી આદિનાથાય નમઃ ||
|| ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ||
|| ચરમ શાસનપતિ શ્રી મહાવીર સ્વામીને નમઃ ||
|| શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ સૂરીભ્યો નમઃ ||
|| અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી દેવ્યૈ નમઃ ||

|| શાસન રક્ષિકા
શ્રી ચક્રેશ્વરી દેવી નમઃ ||





# શ્રી શત્રુંજય - જય તળેટી નવાણું યાત્રા - ૩૬ દિવસીય આરાધના પર્વ

**દિવ્યાશીષ**

રાષ્ટ્ર સંત, ભારત દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.
સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.
શાસન પ્રભાવિકા પ.પૂ. સા.શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.

**શુભાજ્ઞા આશીષ**

તપ ચક્રવર્તી સંઘ શિર છત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.

**મંગલ આશીષ**

● સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. ● સરળ સ્વભાવી પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.
● જ્યોતિષાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. ● આગમાભ્યાસી પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા.

**શુભ નિમીત્ત**

તપચક્રવર્તી, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના ૫૧માં વરસીતપની સુદીર્ઘ તપ મંઝીલ નિમિતે તથા આત્માનંદી, અધ્યાત્મરસિક પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા. તથા સદાનંદી પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. ના સુદીર્ઘ સંયમ જીવનની અનુમોદનાર્થે...

**શુભ પ્રેરણા - માર્ગદર્શન**

પ્રવચન પ્રભાવિકા પૂ.સા. શ્રી યશોદયશ્રીજી મ.સા.

**સૌભાગી નિશ્રા**

પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.,
પૂ.સા. શ્રી યશઃપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી યશોદયશ્રીજી મ.સા. આદિઠાણા

**સિધ્ધગિરિના પગથારે, દેવ ગુરુના સથવારે...**
**સિનિયર સીટીઝનો માટે નવ્વાણું યાત્રાનું નવલું નજરાણું...**

શાશ્વતા ગિરીરાજની ગોદમાં દેવાધિદેવ શ્રી ચંદ્રપ્રભ સ્વામીની શીતલ છાયામાં શેઠ શ્રી નરશીનાથા ધર્મશાળામાં સીનીયર સીટીજનો માટે ૩૬ દિવસીય જય તળેટી સહ, ધનવસી ટૂંક (બાબુનું દેરાસર) ની ૯૯ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉદારદિલ સંઘપતિ પરિવારોની દાનગંગાની લહેરોથી અને શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટના વિશેષ સહયોગ થી પ્રથમવાર સીનીયર સીટીજનો માટે ૯૯ યાત્રાનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. જીવનની ઢળતી સંધ્યાએ ગિરિરાજનું પરમ સાનિધ્ય માણવાનો સોનેરી સમય આવી રહ્યો છે...

જેની હવાની હર લહરમાં દાદા આદિનાથનો સ્પર્શ છે. જેની શાંતિમાં દાદા ઋષભદેવના શબ્દો સંભળાય છે. જેના કણેકણમાં યુગાદિદેવના નામનું મધુરું ગુંજન છે. અને જ્યાં જ્યાં નજર ફરે ત્યાં ઋષભદેવનો સાક્ષાત્કાર થાય છે એવા પરમ પાવન કલિકાલમાં કલ્પતરુ સમાન એવા ગિરિરાજને સ્પર્શવા – વંદન કરવા – આરાધવા – મન ભરીને માણવા અને અંતરથી ઓળઘોળ બનવા આપ સૌને આત્મીય આમંત્રણ આપતાં અમારા હૈયા હર્ષભીના બન્યા છે...

ચલો બુલાવા આયા હૈ... આદિનાથ દાદાને બુલાયા હૈ...

*સ્વાગતમ્...* *સુસ્વાગતમ્......*

| આગમન | ૯૯ યાત્રા મંગલ પ્રારંભ | ૯૯ યાત્રા પૂર્ણાહૂતિ | સમાપન કાર્યક્રમ |
|---|---|---|---|
| કાર્તિક વદ ૪, મંગળવાર | કાર્તિક વદ ૫, બુધવાર | માગસર વદ ૧૧, બુધવાર | માગસર વદ ૧૨, ગુરૂવાર |
| તા. ૭/૧૧/૨૦૧૭ | તા. ૮/૧૧/૨૦૧૭ | તા. ૧૩/૧૨/૨૦૧૭ | તા. ૧૪/૧૨/૨૦૧૭ |

**આરાધના સ્થળ**

**શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા**, તળેટી રોડ, પાલીતાણા.





લી. શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ...
સંઘપતિ પરિવારો તથા જય તળેટી - ગુણોદય સીનીયર સીટીજન ૯૯ યાત્રા સમિતિ...



સવંત : ૨૦૭૩ ।। શ્રી આદિનાથાય નમો નમઃ।। સન : ૨૦૧૭

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮

તા. ૧૫-૦૭-૨૦૧૭

**ધર્મ જ મોક્ષનો આધાર છે, ધર્મ વિના જિંદગી બેકાર છે. પ્રભુએ દર્શાવેલ ધર્મ માર્ગે ચાલનારનીજ જીવન નૌકાપાર છે.**

## સાંયરા તીર્થે પર્યુષણ પર્વે પધારવા ભાવભર્યુ આમંત્રણ...

ધર્માનુંરાગી સ્નેહીસ્વજન,

સુવર્ણ વર્ષીતપના આરાધક, અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**, શાસન પ્રભાવક **પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**, જ્યોતિષાચાર્ય **પ.પૂ.આ.ભ. શ્રી વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**, આગમાભ્યાસી **પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપા તથા સાંયરાના જિનશાસનના શ્રમણીરત્ન પ.પૂ.સા. ભગવંતના શુભઆશિષ. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની માદરે વતનમાં શ્રી આદિનાથ દાદાની છત્રછાયામાં **શ્રાવણ વદ-૧૩ શનિવાર, તા. ૧૯-૮-૨૦૧૭ થી ભાદરવા સુદ-૬ રવિવાર, તા. ૨૭-૮-૨૦૧૭**માં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા સૌ સાંયરાવાસી અને નિયાણી બહેનોને સહપરિવાર ધર્મની આરાધના કરવા સાંયરા નગરે પધારવા સાંયરા મહાજન - સંઘનું સ્નેહભર્યું નિમંત્રણ છે.

પર્યુષણ પર્વના મહોત્સવનો ઉજવણીના વિવિધ કાર્યક્રમ ભકતામર સ્ત્રોત, તપસ્વી બહુમાન, સામુહિક ક્ષમાપના, કલ્પસુત્રની રથયાત્રા, મહાકાળી ભાવના રોજ રાત્રે સંગીતમય સુરાવલી સાથે આયોજન કરેલ છે.

પર્યુષણ પર્વમાં ધર્મની આરાધના કરાવવા શ્રી મુનીસુવ્રત સ્વામિ મહિલા મંડળ ડોંબીવલી વેસ્ટની બહેનો સાંયરા પધારશે.

સાંયરામાં કાયમી ભોજનાલય નિભાવ ફંડ યોજનાનો નકરો રૂા. ૧૧,૦૦૦/-માં આપનો અમુલ્ય ફાળો નોંધાવી કાયમી સ્વામી વાત્સલ્યનો અમુલ્ય લાભ લેવા નમ્ર વિનંતી.

આ પર્યુષણ મહોત્સવમાં પૂણ્યશાળી દાતાશ્રી પરિવારની ખૂબ... ખૂબ... અનુમોદના... આભાર...

### પર્યુષણ પર્વ ૨૦૧૭ના ડાયમંડ દાતાશ્રી પરિવાર (રૂા. ૧૧,૦૦૦/-)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી વિનોદ રાયચંદ મોમાયા | ચર્ચગેટ | ૭. | માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા | માટુંગા |
| ૨. | શ્રી મધુકર જવેરચંદ શાહ | માટુંગા | ૮. | શ્રીમતી પ્રેમિલા પદમશી લોડાયા | કોપરખેરનાર |
| ૩. | માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા | મુલુંડ | ૯. | શ્રી જવેરચંદ વેલજી મોમાયા | ચાલીસગામ |
| ૪. | માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર | મુલુંડ | ૧૦. | માતુશ્રી સરલાબાઈ ગંગાજર કેશવજી મોમાયા | ચૈન્નઈ |
| ૫. | માતુશ્રી સરલાબાઈ રતિલાલ ટોકરશી લોડાયા | કોઈમ્બતુર | ૧૧. | માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા | વાશી |
| ૬. | માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા | સાંયરા | | | |

### પર્યુષણ પર્વ ૨૦૧૭ના ગોલ્ડન દાતાશ્રી પરિવાર (રૂા. ૫,૦૦૦/-)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવીન લીલાધર નરશી મોમાયા | માટુંગા | ૧૨. | શ્રીમતી ચેતના બિપીન લક્ષ્મીચંદ મોમાયા | ઐરોલી |
| ૨. | માતુશ્રી દમયંતીબને દામજી નરશી મોમાયા | જામનગર | ૧૩. | માતુશ્રી ધનબાઈ શીવજી ચત્રભોજ લોડાયા | ઘાટકોપર |
| ૩. | માતુશ્રી ચંપાબાઈ ડુંગરશી નરશી મોમાયા | મુલુંડ | ૧૪. | અ. સૌ. શિલાબેન ઉત્તમ ખેતશી મોમાયા | વાશી |
| ૪. | શ્રીમતી કલ્પના વિજય લીલાધર મોમાયા | માટુંગા | ૧૫. | માતુશ્રી ચંદનબાઈ વિશનજી દેવરાજ પટેલ | ઘાટકોપર |
| ૫. | શ્રીમતી તરલા હરીશ લીલાધર મોમાયા | માટુંગા | ૧૬. | માતુશ્રી કુંવરબાઈ રતનશી દામજી હેફા | સાંયરા/સીવુડ |
| ૬. | માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ | ડોમ્બીવલી | ૧૭. | માતુશ્રી કાંતાબાઈ મણીલાલ હંસરાજ મૈશેરી | મઝગાંવ |
| ૭. | શ્રીમતી ગુણવંતી હીરાચંદ ચત્રભુજ લોડાયા | મુલુંડ | ૧૮. | શ્રીમતી ભાગ્યવંતી હીરાચંદ શામજી મોમાયા | જલગાંવ |
| ૮. | માતુશ્રી સારબાઈ હિરજી શિવજી ખોના | વડોદરા | ૧૯. | શ્રીમતી તારામતી જેઠાલાલ મોમાયા | માણાવદર |
| ૯. | સ્વ. રમેશ માણેકજી શામજી લોડાયા | મસ્જીદબંદર | ૨૦. | માતુશ્રી કાંતાબાઈ ખેતશી શિવજી મોમાયા | ઘાટકોપર |
| ૧૦. | માતુશ્રી ચંદનબાઈ શાંતીલાલ વાલજી મોમાયા | ગાંધીધામ | ૨૧. | માતુશ્રી ગંગાબાઈ લધાભાઈ દેવરાજ પટેલ પરિવાર | સાંયરા |
| ૧૧. | માતુશ્રી કુમુદબેન જયકુમાર ટોકરશી મોમાયા | ધુલીયા | ૨૨. | માતુશ્રી મુરબાઈ જવેરચંદ વેલજી લોડાયા | રાયપુર |

### પર્યુષણ પર્વ ૨૦૧૭ના સિલ્વર દાતાશ્રી પરિવાર (રૂા. ૩,૦૦૦/-)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | માતુશ્રી ઉમાબાઈ વાલજી નરશી ધ્રોળ | ગાંધીધામ | ૧૦. | માતુશ્રી વિમલાબેન જવેરચંદ અરજણ લોડાયા | મુલુંડ |
| ૨. | શ્રીમતી નિલમ જવેરચંદ કેશવજી લોડાયા | ડોંબીવલી | ૧૧. | માતુશ્રી હીરબાઈ વિરચંદ રતનશી ધરમશી (ભાટે) | ડોંબીવલી |
| ૩. | શ્રીમતી ગીતા કીરીટ કુંવરજી લોડાયા | ડોંબીવલી | ૧૨. | માતુશ્રી મધુરીબાઈ લધુભાઈ અરજણ લોડાયા | મુલુંડ |
| ૪. | માતુશ્રી નવલબાઈ લાલજી તેજપાર મોમાયા | અમદાવાદ | ૧૩. | કુમાર મોક્ષ/નમન ગૌરવ કિરણ લોડાયા | મસ્જીદબંદર |
| ૫. | શ્રીમતી નિર્મલા વીરચંદ પદમશી લોડાયા | આદિપુર | ૧૪. | માતુશ્રી ખેતબાઈ વિશનજી મોતા | સાંયરા |
| ૬. | માતુશ્રી લીલાવંતી નારાણજી નરશી ધરમશી | મુલુંડ | ૧૫. | માતુશ્રી મુરબાઈ માણેકજી મોતા | ધુફી |
| ૭. | માતુશ્રી ધનબાઈ શામજી વીરજી ખોના | ઘાટકોપર | ૧૬. | માતુશ્રી આસબાઈ નરશી હંસરાજ ધ્રોળ | સાંયરા |
| ૮. | માતુશ્રી જયાબેન દિનેશ મેઘજી મોમાયા | નાહુર | ૧૭. | શ્રીમતી સુશીલાબેન રતનશી શિવજી સોની | જલગામ |
| ૯. | માતુશ્રી દમયંતીબેન ગોવિંદજી ધરમશી | ઘાટકોપર | ૧૮. | માતુશ્રી ધનબાઈ પ્રેમજી સાવલા | સાંયરા |

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ ● ધાર્મિક સમીતીના જયજિનેન્દ્ર !**

**-: સંપર્ક સેતુ :-**

| | | |
|---|---|---|
| શ્રી વાલજી ખોના - ૦૯૯૦૪૯ ૭૨૪૦૩ | શ્રી રતિલાલ ધ્રોળ - ૦૯૮૨૦૮ ૬૫૮૦૬ | શ્રી દિનેશ પટેલ - ૦૯૮૨૦૬ ૭૮૦૫૧ |
| શ્રી હીરાચંદ શાહ - ૦૯૮૧૯૧ ૭૦૪૭૦ | શ્રી જવેરચંદ લોડાયા - ૦૯૮૩૩૦ ૨૬૬૦૨ | શ્રી વીરચંદ લોડાયા - ૦૯૯૭૮૫ ૪૯૫૩૬ |
| શ્રી બિપીન મોમાયા - ૦૯૮૨૦૧ ૮૮૮૨૬ | શ્રી પદમશી લોડાયા - ૦૯૯૩૦૮ ૦૫૦૦૫ | શ્રી કાંતિલાલ સોની - ૦૯૩૨૧૧ ૬૩૮૧૧ |

UPASANA - 9820167767



**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાંડુપ ખાતે પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા.શ્રી તત્વપુર્ણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી કેવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશ.



**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો, શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદ બંદર જૈન સંઘ, મુંબઈ** ખાતે પ.પૂ. સાધ્વી મુખ્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા. શ્રી નંદીષેણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી સુનયનાશ્રીજી મ.સા. આદી ઠાણા – ૩ નો ચાતુર્માસ પ્રવેશ.

## શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ – ઘાટકોપર

### !! શતંમ જીવ શરદ: !!
### ગુરૂ ગુણોદય ૮૬મો જન્મ ઉત્સવ

**તા. ૦૫-૦૯-૨૦૧૭, મંગળવાર**

### ગુરૂકૃપાથી અંતરમાં પ્રગટાવીએ દિપોત્સવ

સુદીર્ઘ ૫૧મા વર્ષીતપના આરાધક તપચક્રચક્રવર્તી સંઘશિરછત્ર અચલગચ્છાધીપતી **પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** ના ૮૬મો જન્મોત્સવ દેવલાલી મધ્યે (A/c Bus દ્વારા) નક્કી થયેલ છે. નામો વહેલા તે પહેલાના ધોરણે ડીપોઝીટ રૂા. ૫૦૦/- (રીફંડેબલ) ભરીને લખાવવા વિનંતી. નામ લખાવીને કેન્સલ થયેલ નામોને રીફંડ મળશે નહીં.

તા. ૩૧-૦૮-૧૭ સુધી નામો લખાવવા વિનંતી. નીચેના કાર્યકર ભાઈઓને સંપર્ક કરવા વિનંતી.

**-: સંપર્ક :-**

શ્રીમતી લીનાબેન હીતેન લોડાયા - ૯૭૬૯૪ ૧૧૦૧૦

રાજેન લોડાયા - ૯૩૨૩૦ ૩૦૧૪૯

### વાર્ષિક સામાન્ય સભા
### (Annual General Meeting)

શ્રી ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૦૬-૦૮-૨૦૧૭ બપોરના ૩.૩૦ ક. સ્થળ : ગુરૂકુલ સ્કુલ, ૧લે માળે, હોલ, A/c ગુજરાતી મીડીયમ, તીલક રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૭** મધ્યે રાખવામાં આવેલ છે. ત્યારબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**એજન્ડા (કાર્યસૂચી)**

૧) ગત સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન તથા બહાલી.
૨) તા. ૧-૪-૧૬ થી તા. ૩૧-૩-૧૭ના હિસાબોનું રજુઆત તથા બહાલી.
૩) આ વર્ષના ઓડીટરની નીમણુંક.
૪) સભાના પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા.

તા. ૧/૪/૨૦૧૭ થી તા. ૩૧/૩/૨૦૧૭ ના હિસાબી પેપર જનતાને જોવા માટે તા. ૧/૮/૧૭ થી ૪/૮/૧૭ સુધી રૂમ નં. ૧૦૪, અનંતછાયા મધ્યે સવારે ૯ થી ૧ સુધી રાખવામાં આવશે.

UPASANA-9820167767

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ - પુના

તા. ૨૫.૬.૨૦૧૭ ની સુપ્રભાતે શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ પુના દ્વારા અષાઢી બીજની સુંદર ઉજવણી ઉમળકાભેર થયેલ. A.G.M. થી શરૂઆત કરાયેલ. મંત્રી શ્રી દુષ્યંત લાપસિયા દ્વારા અહેવાલ તથા મિનીટ્સના વાંચન બાદ કોષાધ્યક્ષ ચાંદની ખોનાએ હિસાબ રજુ કરેલ. ત્યારબાદ સહમંત્રી ભાવના મહેશ્વરી દ્વારા બહુમાનનો કાર્યક્રમ સંચાલિત કરાયેલ. જેમાં નીચે પ્રમાણે વ્યક્તિવિશેષનું સન્માન કરાયેલ. ૧) પ્રમુખ સૌ હિનાબેન રતાણીને તેમના કાર્યકારણી કાળમાં કરાયેલ પ્રશંસનીય તથા સરાહનીય કાર્યો તથા હિનાબેને આપેલ સેવા બદલ ઉપપ્રમુખશ્રી કિશોરભાઈ રતાણી દ્વારા ટ્રોફી અર્પીત કરાયેલ. ૨) શ્રી સંજયભાઈ ધરમશીને તેમના સાથ સહકાર બદલ, જેમકે ઑડીટોરીયમ બુકીંગ, નેશ માટે વિનામુલ્ય એમ્બ્યુલન્સની ગોઠવણ માંદગી દરમિયાન ટ્રીટમેન્ટ તથા બીલીંગમાં સવલત કરાવી આપવી, રાજકિય અને પોલીસ ખાતામાં અડચણ આવતા મદદરૂપ થવું જેવા શ્રેષ્ઠ કાર્યો કરતા આવ્યા છે. તેમનું બહુમાન સલાહકાર શ્રી ખુશાલભાઈ મહેશ્વરી દ્વારા કરાયેલ. ૩) સૌ. ડિંપલબેન ધરમશીને K.D.O. પુના સ્પોર્ટસ ક્લબની સ્થાપના કરી, મુંબઈ મહાજનની ક્રિકેટ પ્રતિયોગીતામાં પુનેરી પેશવાની ટીમને સહભાગી કરાવી, સેમીફાઈનલ સુધી પહોંચાડવામાં મુખ્ય ભુમિકા બદલ મંત્રીશ્રી દુષ્યંતભાઈ લાપસિયા દ્વારા બહુમાન કરાયેલ. ૪) કાંતાબેન ધરમશીને તેમની કોઠાસુઝ, મજબુત મનોબળ, નિર્ણયાત્મક શક્તિ તથા સાહસિક વૃત્તિ માટે સહમંત્રી સૌ. ભાવના મહેશ્વરી તથા ટ્રેઝરર કુમારી ચાંદની ખોના દ્વારા સાલ ઓઢાળી સન્માનિત કરાયેલ.

કાર્યક્રમની શરૂઆતમાં ગત વર્ષ દરમિયાન ચીરવિદાય લીધેલ જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. પ્રમુખ સૌ. હિનાબેન રતાણીએ સભાને સંબોધિત કરી, કાર્યકારીણીની મુદત પુરી થતાં શ્રી કિશોરભાઈ રતાણીનું પ્રમુખ તરીકે નામ સુચિત કરેલ. નવનિર્વાચિત પ્રમુખ શ્રી કિશોરભાઈ દ્વારા પોતાની ટીમ જાહેર કરાયેલ. જેમાં કીર્તીબેન નાગડા, ખુશાલ મહેશ્વરી, રીટાબેન ભાટે, મનોજ ધરમશી, અમિત લોડાયા, દેવેન્દ્ર લોડાયા, રીતલ નાગડા, ધીરજ દંડ, ઉર્વેશ દંડનો સમાવેશ રહેલ. કિશોરભાઈએ ઘોષિત કરેલ કે શ્રી સંજયભાઈ ધરમશીના માર્ગદર્શન હેઠળ અને તેમના પ્રયત્નોને અદ્વિતિય સફળતા મળેલ જેમાં રૂા. ૨૫ લાખના ટાર્ગેટમાં શ્રી સંઘમાંથી રૂા. સતર લાખની રાશિ સાધારણ ખાતામાં આગામી કાર્યક્રમોના વપરાશ માટે એકઠી કરાયેલ. શ્રી જ્ઞાનેશ ડાઘા દ્વારા પણ આ રકમમાં વધારો કરવા સૌને અપીલ કરાયેલ.

ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત નાના બાળકોની વેશભુષાથી થયેલ. ત્યારબાદ હર્ષા લોડાયા અને ટીમ દ્વારા 'ગણેશવંદના' પ્રસ્તુત કરાયેલ. શ્વેતાબેન ડાઘા તથા પુષ્પાબેન લોડાયા દ્વારા સંકલિત 'ગોકુલમાં રાસ', ભાવનાબેન તથા ખુશાલભાઈ મહેશ્વરી દ્વારા નિર્દેશીત અને ઉત્કર્ષ મહેશ્વરી દ્વારા લિખીત નૃત્ય નિર્દેશીત કાર્યક્રમ "K.Y.C.' Know your committee તથા ડિંપલબેન ધરમશી દ્વારા K.D.O. Pune Sport Club નું ટ્રાફીક રુલ્સ તથા પર્યાવરણ પર પ્રકાશ પાડતો કાર્યક્રમ પ્રસ્તુત કરાયેલ. ત્યારબાદ તન્વી અને મૈત્રી નાગડા તથા કૃતિ મોમાયા દ્વારા 'કુકરી શૉ' રજુ થયેલ. સોલો, ગ્રુપ ડાન્સ અને આભારવિધિ સાથે કાર્યક્રમ પુરો કરાયેલ જેનું સુંદર સંચાલન સૌ. વિનલ લાલકા અને દેવેશ શાહે કરેલ.

## -: કાર્યક્રમના દાતા પરિવારો :-

૧) **મુખ્ય દાતા :** રૂા. ૩૧,૦૦૦/- **માતુશ્રી કુંવરબાઈ દેવજી ધરમશી** હસ્તે **કાંતાબેન માણેકજી ધરમશી**

૨) **મુખ્ય સહાયક દાતા :** રૂા. ૨૧,૦૦૦/- **શ્રી કે.ડી.ઓ જૈન સંઘ પુના કમિટી સભ્યો**

૩) **સહાયક દાતા :** a) રૂા. ૧૧,૦૦૦/- **માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા** હ. **દિનેશભાઈ તથા વિપિનભાઈ**

b) રૂા. ૧૧,૦૦૦/- **લક્ષ્મીચંદ શીવજી રતાણી પરિવાર** હ. **કાનન** તથા **સિમરન ચેતન રતાણી**


૪) **સહ સહાયક દાતા :** a) રૂા. ૬,૦૦૦/- **શ્રી શરદ કાંતિલાલ નાગડા પરિવાર**

b) રૂા. ૬,૦૦૦/- **માતુશ્રી વેલબાઈ પદમશી માડળ લોડાયા પરિવાર**

**શ્રી સંઘ સૌ દાતાઓનો આભારી છે.**

## ધર્મ સંદેશ - ૧૦૪

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



**ઊભી ચાવીઓ -**

૧) મનન (૩)
૨) ત્રિશલા માતાના ૧૪ સ્વપ્નામાં નું એક (૨)
૪) જીવવાળા દ્રવ્યો અને પદાર્થો (૩)
૫) પ્રભુની — પોતાના ઉપર રહે એમ બધા ઇચ્છે (૨)
૬) જયાં પણ જિનમંદિરની સ્થાપના થાય છે ત્યાં જીરાવલ્લા નો — લખવામા આવે છે (૪)
૭) આદીનાથનું નિર્વાણ સ્થાન (૪)
૮) મહાવીરનું એક નામ (૨)
૧૧) — અપમાન છોડો, ધર્મના રંગમાં પોતાને જોડો (૨)
૧૩) એક તપ (૫)
૧૫) દૂરની વસ્તુ પણ અહીં બેઠા જાણી શકે (૫)
૧૬) બધા જૈનો નો — એક મોક્ષ, ભલે ફિરકાઓ અનેક (૨)
૧૭) અતિત ચોવીસીના ૧૬ મા તિર્થંકર (૪)
૨૦) શત્રુંજય તીર્થનું એક નામ (૬)
૨૨) આદેશ્વર દાદાએ શીખવાડેલ ૬૪ — (૨)
૨૪) ભગવાનની એક પૂજા (૩)
૨૫) જીવ — એક આપણું કર્તવ્ય (૨)
૨૬) ૨૦ વિહરમાન માંના એક — સ્વામી (૨)
૨૭) લક્ષ્મી (૧)
૨૯) સુદ બીજના — ના દર્શન કરવાનો મહિમા છે (૨)
૩૦) પર્યુષણમાં અઠ્ઠાઇ કરનારા તપસ્વીઓને આપવામાં આવે (૨)

**આડી ચાવીઓ -**

૩) સૌથી પ્રાચીન જ્ઞાનભંડાર આ તીર્થમાં છે (૫)
૭) ૨૦ વિહરમાન માંના એક (૫)
૯) — પોટલી હાથમાં પહેરાય (૨)
૧૦) — નારી, સૌને પોતાના કર્મો ભારી (૨)
૧૧) આણંદ પાસે આવેલ સુમતિનાથ નું તીર્થ (૩)
૧૨) કાર્તકી પૂનમના શત્રુંજય ના — દર્શન કરાય (૨)
૧૩) ત્રણ પ્રદક્ષિણામાની એક (૨)
૧૪) ચિંતામણી (૨)
૧૬) તન — અને ધનથી સેવા કરો (૨)
૧૭) ઇલાચીકુમાર એક — ના પ્રેમમાં હતા (૨)
૧૮) સરસ્વતીની આરાધનાનું પર્વ (૬)
૧૯) વિદ્યાની સરસ્વતી — (૨)
૨૧) — નાથ નવમા તિર્થંકર (૩)
૨૨) જીવનમાં ભૌતિક સુખની — ઓને નિભાવતા શીખો (૨)
૨૩) ૨૦ માં વિહરમાન અજીતવીર્યના પત્નીનું નામ (૪)
૨૪) જીવનની વિકટ પરિસ્થિતિમાં પણ દુ:ખને સુખમાં ફેરવી દીધું (૫)
૨૮) પ્રાણીમાત્ર ઉપર — ભાવ રાખો (૨)
૩૦) અમુક જિનાલયો બપોરે બંધ થઇ — ના ખુલે (૨)
૩૧) — ગાઉ યાત્રા કરો અને કરાવો (૧)
૩૨) વિરાયતનના આચાર્ય (૪)
૩૩) — માનું એક ભૂમિ સંથારી (૨)

ઉકેલ : આડી ચાવીઓ -
(૩) જેસલમેર (૭) અનંતવીર્ય (૯) રક્ષા (૧૦) નર (૧૧) માતર (૧૨) પટ (૧૩) જ્ઞાન (૧૪) ચંત્ર (૧૬) મન (૧૭) નટી (૧૮) વસંતપંચમી (૧૯) દેવી (૨૧) સુવિધિ (૨૨) કમી (૨૩) રત્નમાલા (૨૪) ચંદનબાળા (૨૮) દયા (૩૦) સાંજ (૩૧) છ (૩૨) ચંદનાજી (૩૩) છરિ

ઊભી ચાવીઓ -
(૧) ચિંતન (૨) સૂર્ય (૪) સચિત (૫) મેર (૬) રક્ષામંત્ર (૭) અષ્ટાપદ (૮) વીર (૧૧) માન (૧૩) જ્ઞાનપંચમી (૧૫) અવધિજ્ઞાન (૧૬) મત (૧૭) નમીશ્વર (૨૦) વિમલાદ્રિગિરી (૨૨) કળા (૨૪) ચંદન (૨૫) દયા (૨૬) બાહુ (૨૭) શ્રી (૨૯) ચાંદ (૩૦) સાંજી

# નવી રજાઈ

- હરિશ્ચંદ્ર



લોહી થીજાવી નાંખે એવી ઠંડીમાં ટ્રેનમાં મુસાફરી કરવી સહેલી નહોતી, પણ જમનામાસીની ગંભીર હાલતની ખબર મળતાં મારા માટે ન જવાનું સંભવ નહોતું. પત્ની તો માનતી નહોતી. આખરે જમનામાસી સાથે મારો એવો તો કયો સંબંધ હતો ? એટલો જ ને કે થોડાં વરસ એમની પાડોશમાં રહીને હું ભણેલો. કોઈ સગાઈ પણ નહીં કે આવી કડકડતી ઠંડીમાં રાતે મુસાફરી કરીને આમ દોડી જવું પડે. પત્નીને હું કઈ રીતે સમજાવું કે કોઈ સગાઈ ન હોવા છતાં જમનામાસી મારા માટે શું હતી ! પત્નીની ના છતાં હું ચૂપચાપ જવાની તૈયારી કરતો રહ્યો. રાતની મુસાફરીમાં બિસ્તર લઈ લેવો જરૂરી હતો. હું બિસ્તરો બાંધવા લાગ્યો એટલે પત્નીએ માન્યું કે હું હવે રોક્યો નહીં રોકાઉં. તે પોતે મને મદદ કરવા લાગી. તે સાવ નવીનકોર રજાઈ લઈ આવી. મેં કહ્યું 'કોઈક જૂની આપ ને, મુસાફરીમાં ગંદી થઈ જશે.' પણ તેણે ન માન્યું. 'આમાં રૂ સરસ છે. આવી ઠંડીમાં આ બહુ કામ આવશે.'

જમનામાસીના એકના એક દીકરા મનોહરનો સાંજે ફોન આવ્યો. વરસો બાદ પણ મેં તેનો અવાજ ઓળખી લીધો. 'જો સાંભળ ! મા બહુ બીમાર છે. કદાચ હવે થોડા દિવસની મહેમાન છે. વચ્ચે વચ્ચે તને બહુ યાદ કરે છે. જેટલું જલદી આવી શકાય, આવી જા.' અને હું તરત નીકળ્યો. ઠંડીને કારણે ગાડીમાં ભીડ નહોતી. સૂવાની જગ્યા મળી ગઈ. બિસ્તર છોડી રજાઈ ઓઢીને સૂઈ ગયો. ઠંડી તો વધતી જ જતી હતી. રજાઈ જરીક ખસી જતી તો તીરની જેમ ભોંકાતી. હું સૂતો ખરો, પણ ઊંઘ ન આવી. જમનામાસી જ સતત યાદ આવતાં રહ્યાં.

કસ્બામાં દસ ચોપડી સુધી ભણ્યો. પછી આગળ ભણવા શહેરમાં જવું પડ્યું. પિતાજીએ એક ભાડાની ઓરડી લીધી અને તેમાં બધું ગોઠવી દઈ મને ઢગલો સૂચનાઓ આપી એ તો ચાલ્યા ગયા. આવડા મોટા શહેરમાં હું એકલો, અને પહેલી વાર આવી રીતે ઘર છોડીને નીકળેલો. ત્યારે જમનામાસીએ જ મને માની જેમ સાચવ્યો.

જમનામાસી મારી બાજુની ઓરડીમાં રહે. પોતે, માસા, ત્રણ દીકરી અને એક દીકરો, એમ છ જણાનો એમનો પરિવાર. સૌથી નાનો દીકરો મનોહર લગભગ મારી ઉંમરનો. બે-ત્રણ દિવસ મેં જુદું રાંધ્યું હશે. પણ પછી તો જમનામાસી આવીને કહે, 'બેટા, તારે રાંધવાની ખટપટ નહીં કરવાની, મારે ઘરે જ બે ટંક ખાઈ લેવાનું. અમે છ ભેળો તું સાતમો. મારા માટે જેવો મનોહર તેવો તું.' જમવાનો ખર્ચ લેવાનુંય માનતા નહોતાં. પણ મેં એ શરત સાથે જ એમને ત્યાં જમવાનું સ્વીકાર્યું. લગભગ એક વરસ મારે શહેરમાં રહેવાનું થયું, ત્યારે જમનામાસીના હાથનું જ મેં ખાધું. માસી અત્યંત સરળ સ્વભાવનાં અને બહુ પ્રેમાળ. માના હેતથી ખવડાવે. એમના હાથની રસોઈનો સ્વાદ હું આજેય ભૂલ્યો નથી. પરીક્ષા હોય અને હું રાતે વાંચતો હોઉં, ત્યારે માસી આવીને અચૂક મને ગરમ દૂધ પીવડાવી જાય. માસી સાક્ષાત અન્નપૂર્ણા હતાં. એમનું મોઢું કાયમ હસતું. વચ્ચે માસાની નોકરી છૂટી ગઈ હતી અને કુટુંબ ભારે આર્થિક ભીંસમાં આવી પડેલું. ત્યારે એક દિવસ માસી મારી ઓરડીમાં આવી કહે, 'ચાલ, મારી સાથે બજારમાં. મારી આ બંગડી ગિરવે મૂકવી છે.'

*એક જ ખેતર, એક જ ખાતર, એક પવન ને પાણી, એક જ સૂરજ, એક જ ચંદર, સમઋતુઓને માણી.*
*તોય ગુલાબ રાતો તોરો! આ ડોલરિયો કેમ ગોરો ?*
*સૂરજમુખી સાવ સોનાનાં, તાકે આભ છકેલાં, રંગે કેમ માણેક સરીખાં જાસૂદ કેમ ઝૂકેલાં ?*

મેં કહ્યું, 'માસી, મને આવી કોઈ ગતાગમ નહીં. તમે માસા કે મનોહરને લઈ જાવ ને!'

'ના, દીકરા! ઘરમાં કોઈને જણાવવું નથી. હું રહી અભણ, હિસાબ-કિતાબ જાણું નહીં. એટલે તું ચાલ મારી સાથે.' અને હું એમની સાથે ગયો. એક શાવકારને ત્યાં બગંડી ગિરવે મૂકી પૈસા લીધા. પછી તો બે-ત્રણ વાર આવું થયું. માસાને ફરી નોકરી મળી ત્યારે બધું થાળે પડ્યું.

એક વાર હું બીમાર પડ્યો, ત્યારે મા કરતાંયે વધારે કાળજી જમનામાસીએ રાખેલી. મારી પાસે બેસી સંકટ-મોચનનો જાપ કરતાં, પોતાની દુવાઓ આપી દવા પીવડાવતાં. મારા માટે એમણે માનતા પણ માનેલી. ત્યારે બીમારી વધતાં મારાં માતાપિતા આવેલાં અને પાંચ-સાત દિવસ રહેલાં. એમને પણ બહાર જમવા નહોતાં દીધાં, પોતાને ત્યાં જ જમાડેલાં. જતી વખતે મારી મા એમના હાથમાં પૈસા મૂકવા માંડી, તે પણ એમણે ધરાર ન લીધા. આવી માસીને છોડીને આગળ ભણવા જ્યારે મારે શહેર છોડી બીજે જવાનું થયું, ત્યારે હું એમના ખોળામાં માથું મૂકી ધ્રૂસકે-ધ્રૂસકે રોયેલો. 'તમારું ઋણ હું ક્યારે ને કેવી રીતે ચૂકવીશ?' માસીની આંખો પણ ભરાઈ આવેલી. મારા માથે હાથ ફેરવતાં બોલેલાં, 'બેટા, માનું ઋણ ન હોય!' બસ, ત્યાર પછી માસીને ફરી મળવાનું નથી થયું. હું ભણવામાં અને પછી નોકરીમાં પડી ગયો. ઘણી વાર થતું કે જઈને માસીને મળી આવું. પણ તે ન બન્યું. હું મારા સંસારમાં પડી ગયો.

શરૂ-શરૂમાં મનોહરના પત્રો આવતા. માસી પોતે તો ક્યાં લખી શકતાં હતાં? પણ મનોહર હંમેશાં લખતો કે માસીએ ઢગલો આશીર્વાદ લખાવ્યા છે અને ફરિયાદ કરી છે તું અમને સહુને ભૂલી ગયો! જો કે સમય જતાં પત્ર-વ્યવહાર પણ ઓછો થઈ ગયો. વરસમાં એક-બે પત્રો માંડ આવતા. પરંતુ તેમાં મારા માટે માસીના આશીર્વાદ અચૂક રહેતા અને એમના કુટુંબના સમાચાર રહેતા. તેના પરથી જાણ થયેલી કે માસાનું એકાએક અવસાન થયું હતું. મનોહર ઝાઝું ભણ્યો નહીં. તે મામૂલી નોકરી કરતો, તેમાં ઘર ચાલતું. ત્રણેય બહેનો પરણી ગઈ હતી. હમણાં ઘણાં વખતથી મનોહરનો પત્ર પણ નહોતો. તેમાં સાંજે ફોન આવ્યો કે માસીની હાલત ગંભીર છે અને હું રહી શક્યો નહીં. પત્નીની નારાજી છતાં નીકળી જ પડ્યો. અંદર ને અંદર એક અપરાધ-બોજ મને કોરી ખાતો હતો.

હું પહોંચ્યો, ત્યારે માસી ખાટલામાં પડ્યાં હતાં. હું એમને ઓળખી જ ન શક્યો. વાળ ધોળા, મોઢું કરમાયેલું, હાથે કરચલીઓ વળી ગયેલી. મેલી ગોદડીમાં એમનો દેહ પડ્યો હતો, રજાઈ ઓઢાડી હતી તે નવી લાગતી હતી. હું એમની પાસે બેઠો. 'માસી, જુઓ હું આવી ગયો!' પણ એ ભાનમાં નહોતાં. હું એમનો હાથ મારા હાથોમાં લઈને બેઠો રહ્યો. હું બીમાર પડેલો, ત્યારે માસી મારી પાસે બેસી સંકટ-મોચનનો જાપ કરતાં, તે મને યાદ આવ્યું. મારા હોઠ પણ અનાયાસ પ્રાર્થના કરવા લાગ્યા. હું બેસાય તેટલું માસી પાસે બેઠો રહ્યો. તે દિવસે રાતે પણ એમની પાસે જ પથારી કરીને સૂતો. માસીની હાલત કથળતી જતી હતી. એમનો શ્વાસ ભારે ચાલવા લાગ્યો. બાજુની ઓરડીમાં મનોહરની પત્ની કહેતી હતી, તે મારા કાને પડ્યું : 'કહું છું, પેલી રજાઈ લઈ લો, નહીં તો નવી રજાઈ નકામી જશે.' મનોહરે આવીને નવી રજાઈ ઉપાડી એક જૂની જીર્ણશીર્ણ ગોદડી માસીને ઓઢાડી દીધી.

હું હલબલી ઊઠ્યો. મનોહર અને તેની પત્નીને દોષ પણ શું દઉં? ઘરની ગરીબી હું નજરે જોઈ રહ્યો હતો. મને થયું, હું શું કરું? મેં મારો બિસ્તર ખોલ્યો અને મારી નવીનકોર રજાઈ કાઢીને માસીને ઓઢાડી દીધી. મનોમન મેં પ્રાર્થના કરી : 'મારું આટલું સ્વીકારજો. માનું ઋણ ચૂકવવાનું ન હોય એ સાચું, માસી! પણ પ્રેમનો તો પ્રતિસાદ હોય ને!'

થોડી વારમાં માસીએ અંતિમ શ્વાસ લીધા.

(ડૉ. રમાકાન્ત શર્માની હિંદી વાર્તાને આધારે)

* * *

*આ કરેણ શેણે પીળી! આ ગોરી કેમ ચમેલી?*
*ગુલાબ ગંધે શીળું શીળું, ચંપો તીણું મ્હેકે, આમ્ર-મંજરી તીખું મ્હોરે, બદરી ખાટું મ્હેકે.*
*આ ઘાસ ઘાસમાં નવલાં, કોણે ગંધ-પૂંભડાં રોળ્યાં?*

# મુઠ્ઠી મેં બંદ હૈં દો સૂખે ફૂલ અબ ભી

- સોનલ પરીખ



'મારા પિતા પચાસ વર્ષના હતા ને હું જન્મી.' સીમા કહેતી હતી. 'નવ ભાઈબહેનોમાં હું સૌથી નાની. મારે બીજી ચાર બહેનો, પણ મારા પિતાનો મારા માટે વિશેષ ભાવ. હું અડતાળીસની થઈ ત્યારે તેઓ અઠ્ઠાણુના હતા. છેલ્લી વાર એમને મળી ત્યારે મારો મોટો ભાઈ મને જરા ચીડવતો હતો. તેઓ પથારીમાં ધ્રૂજતા ધ્રૂજતા બેઠા થયા ને બોલ્યા, 'એને કંઈ ન કહે, નાની છે.' મેં કહ્યું, 'અરે ભાઈ તો મજાક કરે છે. અને હું ક્યાં નાની છું? નાની બનવાની તૈયારીમાં છું.' ત્યારે તેઓ કહે, 'મારે મન તો તું નાની જ છે. પછી તું નાની હોય કે દાદી.' ભાઈ જ નહીં - મા, પતિ કે સંતાનો પણ મને કંઈ કહે અને તેઓ હાજર હોય તો તરત રોકે. હંમેશાં.

સાજે તેઓ નથી ત્યારે તેમના શબ્દોમાં જે ધરપત અને હૂંફ હતાં તેનો ખરો ખ્યાલ આવે છે. ચાલી શકાયું ત્યાં સુધી તેઓ લાકડી લઈને ફળિયું વટાવી છેક ડેલી સુધી વળાવવા આવતા અને ભીની આંખે કહેતા, 'સાચવીને જજે ને પહોંચીને તરત ફોન કરી દેજે.' હું હા પાડતી. ક્યારેક ફોન કરતાં મોડું થઈ જતું તો તરત તેમનો ફોન આવી જતો, 'ગુડ્ડુ, પહોંચી ગઈ?' 'હા પપ્પા. પછી શાંતિથી ફોન કરું છું.' ફોન કરતાં બેચાર દિવસ થઈ જતા. તેઓ ઊંચાનીચા થતા ઘરનાંની મજાકનું પાત્ર બનતા પણ ફરી ફરી ફોન કરતા.

અને મેં એમનું શું કર્યું? એમની પાસે હતી ત્યાં સુધી તો મારામાં જ મસ્ત હતી - ભણવાનું, હરવા ફરવાનું, હજાર સપનાં. તેઓ વૃદ્ધ થઈ રહ્યા હતા. ક્યારેક કહેતા, 'આમ ઊડાઉડ શું કરે છે, જરા પાસે બેસ ને.' ત્યારે 'હમણાં આવું' કહીને હું ક્યાંક ચાલી જતી ને પછી ભૂલી જતી કે તેઓ મારી રાહ જોતા બેઠા હશે. તેઓ ધીમે ચાલતા એટલે હું તેમની સાથે બહાર ન જતી. એમ તો મારે તેમને ઘણું કહેવું યે હતું, પણ એ કહેવાનું 'પછી ક્યારેક' પર ઠેલાતું જતું.

પછી લગ્ન થયાં, નવો સંસાર, નવા સંબંધો. એમાં ગોઠવાઉં ત્યાં બાળકો - આમ ચાલતું રહ્યું. પિતા વધારે વૃદ્ધ થયા, પથારી પકડી. માંડ સમય કાઢીને જોવા તો જાઉં; પણ મા, ભાઈ-ભાભી-ભત્રીજા, પિયર આવેલી કોઈ બહેનપણી આ બધામાં એમને ક્વોલિટી ટાઈમ આપી ન શકું. ક્યારેક વર્ષો પહેલાં કહેલું તે તેઓ ફરી દોહરાવતા, 'આમ ઊડાઉડ શું કરે છે, જરા પાસે બેસ ને.' બેસું. ખબર પૂછું. તેઓ ધીરે ધીરે કહે, 'બહુ ઓછું આવે છે તું.'

'વધારે આવીશ.'

પણ વધારે અવાય નહીં. એક વાર કહે, 'ચારપાંચ દિવસે એકાદ વાર, દસપંદર મિનિટ માટે ન આવી શકે? વધારે નહીં, જરાવાર. બસ પાસે બેસ, અડીને બેસ, માથે-બરડે હાથ ફેરવ

*સિંધુથી ઠેઠ આભ-અટારી ગુપચૂપ ચડ્યાં'તાં વારિ;*
*ગાજવીજની ધમાલ ભારી! આજે અજબ સવારી!*
*કેમ વારિ ખારાં ખારાં, થઈ ગ્યાં મીઠી જલ-ધારા!*

તો -'

'પપ્પા, મને એમ કરવું ગમે, પણ -'

'હું સમજું છું.' તેઓ વાત વાળી લેતા. હસી દેતા. 'ચિંતા ન કરીશ.'

'પપ્પા, મૂંઝાશો નહીં. તમને તકલીફ થશે તો અડધી રાતે ય હાજર થઈ જઈશ.'

તકલીફ હશે તો ? પપ્પા મને કહી ન શક્યા - હું સમજી ન શકી કે તેઓ તકલીફ નામની સ્થિતિમાં જ હતા. એક વખત હસતા હસતા આખી ગૃહસ્થીનો ભાર ઉપાડ્યો હોય તે પુરુષ કંપતા કંઠે જ્યારે આવા શબ્દો બોલે ત્યારે તેની પાછળ કેટલી મોટી પીડા રહેલી હોય એ પણ ન સમજી. તેઓ આંગળી પકડીને ચલાવતા, માગું એ આપતા તેને અધિકાર માની લેવાનું કેટલું સહેલું હતું. ત્યાર પછી તેમનું જીર્ણ શરીર, કરચલીવાળા ચહેરો અને ઊંડી-ઝાંખી આંખો જોઈ તેમને સંવેદના નહીં થતી હોય તેમ માની લેવું પણ બહુ સહેલું હતું. તેમના ધ્રૂજતા ખરબચડા હાથ મારા ગાલે અડતા ત્યારે કંઈક થઈ જતું. જરા ગુસ્સો ય આવી જતો. આમ લાગણીમાં ટિંગાયા શા માટે કરે છે, પોતાનું જીવી કેમ લેતા નથી ?

સમજવાનું તો મારે હતું. તેઓ હવે નથી. રાહ જોતા જોતા જ ચાલ્યા ગયા.

- ને હવે મને ક્યાંય ચેન નથી.'

સીમાએ વાત પૂરી કરી. તેના ચહેરા પર ગજબનો ઉત્પાત હતો. તેનું ચાલે તો વીતેલા સમયમાં પાછી ચાલી જાય, બધી ભૂલો સુધારી લે. પણ એ શક્ય નથી તે પણ તેને ખબર છે. તેને ક્યાંય ચેન કેવી રીતે હોઈ શકે ? તે જાણે છે કે એક અજંપો તેના મનના એક ખૂણામાં કાયમ માટે રહેવાનો છે.

દીકરીઓ, પિતા છે ત્યાં સુધીમાં તેમની પાસે જઈને અઢળક વહાલ વરસાવી દો. સંકોચ કે કંજૂસી બિલકુલ ન કરો. પિતા પિતા છે. કહેશે નહીં, પણ તેમનામાં હવે એક નાનું બાળક આંખ ટમકાવતું બેઠું છે જે તમારામાં એક માને જાગતી જોવા માગે છે. એ બાળકને બીજું કશું નથી જોઈતું. જોઈએ છે હાજરીની હૂંફ. શબ્દોનો કલરવ. કારણ વગર ભરાઈ આવેલો એમનો ડૂમો તમારા સ્પર્શનું આશ્વાસન ઝંપે છે. તમારા ક્ષેમકુશળ માટે સતત ઝઝૂમતા રહેલા પગ હવે થાક્યા છે. ટેકો આપી તેમને ઉઠાડો. વરંડામાં લઈ જાઓ ને સરસ મજાની ચા બનાવી બાળપણ વાગોળો - એ થોડી મિનિટ એમના જીવનમાં થોડા દિવસો ઉમેરી દેશે.

પિતા-પુત્રીનો સંબંધ - ખૂબ કોમળ છતાં ખૂબ મજબૂત, અત્યંત સૂક્ષ્મ છતાં અત્યંત વિરાટ, વ્યક્ત છતાં અવ્યક્ત, મુખર છતાં મૌન - પણ પરિવાર, સમાજ અને વ્યક્તિગત સીમાઓથી ઘેરાયેલો, પણ દીકરી દૂર થતી જાય અને વૃદ્ધ ને વધુ વૃદ્ધ થતા જતા પિતા એક દિવસ છાતીમાં લાગણીઓ ધરબીને ચાલ્યા જાય તે પહેલાં એમને ઘણું બધું વહાલ કરી લો, પુત્રીઓ !

ફૂલો સુકાઈ જ જાય છે, ક્યાંક મુકાઈ જાય છે, હવામાં ઊડી જાય છે, પણ હથેળી ક્યાંય સુધી આછી આછી મહેકતી રહે છે. હૃદયમાં કાંટો વાગે તો એક ખટકો કાયમ માટે રહી જાય છે. સ્મૃતિઓ સુગંધ પણ હોઈ શકે ને કાંટો પણ. મુઠ્ઠીમાં મહેક સાથે જીવવું છે કે હૃદયમાં કાંટો લઈને તે જેટલું વહેલું નક્કી કરી શકીએ તેટલું સારું.

* * *

*મેં વાવેલો એકેક દાણો લણ્યો મેં ગાડે ગાડે; કણ ઓરું ને મણને પામું, કો'અઢળક ઉગાડે ?*
*એ તો સાહેબ ખરો કમાલી! મારો સાહેબ ખરો કમાલી!*

*- રક્ષા પ્ર. દવે*

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સાંધવ ગામ સમાચાર

સાંધવ ગામે પર્વની આરાધના કરવા ૧૫૦ ટીકીટો આવી ગયેલ છે. હજી આરાધના કરવા કોઇને પણ પધારવું હોય તો જરૂર થી પધારશો.

----



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ દ્વારા લોનાવલામધ્યે સગપણ સંમેલન ઉજવાયેલ ૨૫થી વધારે સંખ્યામાં ઉમેદવાર પધારેલ. સારો એવો સફળતા મળેલ.

સમુહ લગ્ન ૯/૧૨ અને ૧૦/૧૨ના નક્કી થયેલ છે. સારા એવા નામો આવી ગયેલ છે. હજી પણ ઇચ્છા હોય તો જોડાઈ શકો છો.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ) પાચોરા

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શને ચાલીસગામની જેમ પાચોરામાં દર શનિવારે ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલુ કરેલ છે.

કાયમી તીથીના દાતાઓના નામ : ૧) કુ. ચાંદની મહેન્દ્ર નાગડા હસ્તે ખમ્માબેન મહેન્દ્ર નાગડા (વડોદરા), ૨) શીવજી વેલજી લોડાયા (વડોદરા), ૩) પલ્લવી વિરચંદ શાહ (નાંદેડ), ૪) પ્રતાપભાઈ કલ્યાણજી ધરમશી હસ્તે મધુરીબેન પ્રતાપ ધરમશી (મુલુન્ડ), ૫) સૌ. નિસા હિતેશ મોતા ૬) જય હિતેશ મોતા, ૭) અજય હિતેશ મોતા, ૮) તારાબાઈ માણેકજી મોતા હ. નિસાબેન (વાલકેશ્વર), ૯) લક્ષ્મીચંદ શામજી મૈશેરી હસ્તે હરીશભાઈ (મુલુંડ), ૧૦) સોમચંદ સોજપાલ નાગડા (જખૌ), ૧૧) પ.પૂ. જયદર્શિતાશ્રીજી દીક્ષા નિમિતે, ૧૨) મહેન્દ્ર રાયચંદ નાગડા હસ્તે ખમ્માબેન (વડોદરા) ૧૩) રતનબાઈ કાનજી ધુલ્લા (વડોદરા), ૧૪) સામજી ખીમજી મૈશેરી હસ્તે અર્ચના વિશાલ મૈશેરી, ૧૫) યશોધન જીવરાજ લોડાયા (અજાણી) મદ્રાસ હ. મીરા જયેશ નાગડા, ૧૬) હિતેશભાઈ માણેકજી મોતા હ. નીસાબેન (વાલકેશ્વર)



આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી

**સલીમ ભાઈ ઢોલી**
મો.: 093247 96076
093211 31232



### અબડાસાનાં અતિવૃષ્ટિવાળા ગામોમાં રાહત કાર્ય રજૂઆત

ભારે વરસાદના કારણે અબડાસાનાં સુથરી, સાંધાણ, વારાપદ્ધર તથા અન્ય ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. સુથરી ગામે વરસાદી પાણીની સપાટી વધતાં ગામલોકો મુશ્કેલીમાં મુકાયા હતા. સતત બે દિવસ સુધી ગામ ત્રણે બાજુથી પાણીથી ઘેરાયેલું રહ્યું હતું. જેથી લોકોએ ઉંચાઈ સ્થળે આશરો લીધો હતો. સાંધાણમાં ૧૭ ઈંચ વરસાદ અનરાધાર વરસ્યો હતો.

કોઠારાના માનપુરા વિસ્તારમાં સતત ૩ દિવસ સુધી ઘરોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક રહેવાસીઓએ ભારે મુશ્કેલી વેઠી હતી. નાનાલાલભાઈ ડી. પોમલ, કાન્તી ડી. પોમલ તેમજ સ્થાનિક કાર્યકરોએ આ પરિસ્થિતિમાં પણ રસોડું શરૂ કરી લોકોને સવાર-સાંજ ખારાભાત પીરસી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કોઠારા ગામનાં શ્રી પ્રભાતસિંહ જાડેજાએ મુંબઈ સ્થિત આગેવાન શ્રી હેમંતભાઈ અજાણીને પરિસ્થિતિથી વાકેફ કરતાં તેઓશ્રીએ માનપુરમાં પોતાનો બંગલો અસરગ્રસ્ત લોકો માટે ખોલી આપી આશ્રય આપ્યો હતો. માનવજ્યોતનાં શ્રી પ્રબોધ મુનવર તથા હીરાચંદ છેડાએ ધારાસભ્યશ્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલ, જિલ્લા કલેક્ટરશ્રી તથા અબડાસા મામલતદાર સમક્ષ અબડાસાનાં અતિવૃષ્ટિવાળા ગામોનો સંપર્ક કરી તુરત જ ઝડપી કાર્યવાહી હાથ ધરી રાહત સામગ્રી પહોંચાડવા રજુઆત કરી હતી.


**THANK YOU !**

A big **THANK YOU** to all of you for the overwhelming response to our **SALE!**
Any inconvenience is regretted.

**Kishor Poladia**
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

28, Gani Mansion, Shop No.1, Behind Arora Theatre, Opp. Sahakari Bhandar, King's Circle, Matunga (E), Mumbai - 400 019. **Tel.: 2404 3995**

**Sunday Closed**

## પુના સખીવૃંદ અહેવાલ – જુન ૨૦૧૭



પેઢી દર પેઢીથી વારસામાં મળેલ અથાણાં બનાવવાની રીતને જીવંત રાખવાના હેતુથી જૂન મહિનાની મિટિંગનું આયોજન વિજયાબેન ખોનાએ કર્યું.

અથાણાંમાં શેકેલા મીઠાનો ઉપયોગ, કેરીના પાણીના વરપરાશની માહિતી, ચુનો નાખવાથી અથાણાંનો રંગ જળવાઈ રહે, કેરી ને કેમ સુકવવી, ખાલી બરણીમાં હિંગનો ધુમાડો કરવાથી બરણી જંતુમુક્ત થાય, તેલને ગરમ કરી ઠંડુ કર્યા પછી જ વાપરવું તેમજ વિનેગરથી ચટાકેદાર અથાણાં બને આવી અગણિત ટીપ્સ આપી. આ ઉપરાંત અથાણાં પાચનશક્તિની વૃદ્ધિ કરે છે સાથે અરુચિને દૂર કરે છે એ વાત પર પ્રકાશ પાડ્યો.

વિજયાબેને વિવિધ પ્રકારના ૧૦ અથાણાંનું ખૂબજ માહિતીપૂર્ણ પ્રત્યક્ષીકરણ કરેલ જેમાં ગોળ કેરી, ખાટી કેરી, આખી મેથીયા કેરી, લીંબુ જેવા પારંપારિક અથાણાં રજુ કર્યા તેમજ તાજા ગાજર, લીલા મરચા, ટિંડોલાનું ઈન્સન્ટ અથાણું, લીંબુની ચટણી, સફરજનનો મુરબ્બો, આલૂનો (peach) મુરબ્બો દર્શાવ્યા. વિજયાબેને દરેક અથાણાંના મસાલો કેમ બનાવવો એ પણ બતાવ્યું. આ મસાલો બારે માસ સાચવી શકાય એનો વિવિધ ઉપયોગ કેમ કરવો એ સૂચવ્યું.

બજારના અથાણાં વેચવાની દૃષ્ટિથી બનાવે છે એટલે એમાં રંગ, તેલ ના બદલે અધિક વિનેગર, સોડિયમ બેન્ઝોઈટ, એસિટિક એસિડ નો વધુ ઉપયોગ કરે જેનાથી સ્વાદમાં વધોરો તો કરે પણ જે આગળ જતા અલ્સર અને એસિડિટીને નોતરે છે. ઘરમાં બનાવેલ અથાણાં સોંઘા, આરોગ્યને ધ્યાનમાં રાખીને, સફાઈ, ચીવટથી અને પ્રેમથી બનાવાય છે. આથી એની મહત્તા વધે છે.

વિજયાબેને નવી પેઢીને લક્ષમાં રાખેલ. એમણે ખાસ સૂચના આપી કે આ પરંપરાને જાગૃત રાખો. દરેક સભ્ય બહેનોને લેખિત વિધિની કોપી આપી. દરેક અથાણાંનો સ્વાદ બધાએ માણ્યો સાથે કટકા મુરબ્બો, છુન્દો કટકી, વઘારીયા કેરી, આદુ લસણ જેવા અનેક અથાણાં તૈયાર કરી મુકેલ.


|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર || || જય જયશ્રી અનંતનાથ ||

# શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ – ૩૭૦ ૪૦૫

**શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ઉપક્રમે અચલગચ્છના દેવી મહાકાલી માંના ભક્તિ ઉત્સવે આમંત્રણ**

આપ બધા ભાવિકો થી અચલગચ્છના દેવી **મહાકાલી માતાજીની મહાપૂજા પૂજન પહેડી ભક્તિ ઉત્સવ** ૨૨મું વરસ ૨૦૭૩ આસો સુદ ૪ **રવિવાર, તા. ૨૪–૯–૨૦૧૭ સવારે ૮ થી ૨ મુલુંડ સ્થાને થશે.**

**૨૨ મા વરસના ભાગ્યશાળી પરિવારો**

| | |
|---|---|
| **શ્રી લખમીચંદ તથા ચાંપશી ભારમલ નાગડા પરિવાર** | રાપરગઢ – મુલુંડ |
| **શ્રી હરેશ જવેરચંદ માણેકજી પરબત મૈશેરી** | જખૌ – મલકાપુર |
| **શ્રી જયંતીલાલ વિસનજી હા. જયેશ** | સુથરી – ડોંબિવલી |
| **શ્રી આણંદ પરિવાર, અ.સૌ. જ્યોતિબેન નરેન્દ્ર દંડ** | તેરા – મુલુંડ |
| **શ્રી નારાણજી રતનશી લોડાયા કુ. ઉર્વશી નિતિન નાગડા** | ડોંબિવલી |
| **અ.સૌ. પુષ્પાબેન નવીનચંદ ચાંપશી છેડા** | હમલા મંજલ – મુલુંડ |
| **માતુશ્રી રતનબાઈ ત્રિકમજી રાયશી મોતા, હ. પ્રફુલ્લભાઈ** | સુથરી – મુલુંડ |
| **માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી** | સુથરી – મુલુંડ |
| **માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** | સુથરી – માટુંગા |
| **માતુશ્રી દેવકુંવર ગુલાબચંદ ભારે વિપીન ભાટે** | નલીયા – નાસીક |
| **માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ, રમેશ શાહ** | માંડવી – કોચીન |

**નોંધ : સવારે ૮ થી ૧૧ પૂજન**
**૧૧ થી ૧૧.૨૦ પહેડી અલંકાર–ચુંદડી**
**૧૧.૨૦ થી ૧૧.૩૦ મહાઆરતી**
**૧૧ થી ૨ પ્રસાદ પહેડી**
**સાધર્મિક ભક્તિ, દર્શન–વંદન**

સવારે ૧૦ થી ૨ શ્રી કિશોર મનરાજા હંસકુમાર અને મુકેશ મૈશેરી કલાકારો માતાજીના ભક્તિગીતો, સંગીત દર્શન કાલીદાસ હોલમાં પ્રસાદ, સાધર્મિક ભક્તિ મેરેજ હોલમાં, ધનરાજ કેટરર્સ.

સૌ ભાવિકોને હમેશાની જેમ દર્શન વંદન–પૂજન, પહેડી, પ્રસાદ, ભક્તિ સંગીતમાં પધારવા ૨૨ વરસના દાતાઓ, મંદિર ટ્રસ્ટથી અગ્રીમ આમંત્રણ.

**યતિ મોતીસાગરશ્રીજી મહારાજ આશીર્વાદ**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૫-૧૭ | અંબરનાથ | કશ્ની, કાશમીરા કુલીન ઉમરશી મૈશેરી | - | પુત્રી |
| ૧૯-૦૬-૧૭ | વડોદરા | દાનવી, પૂરવી કેતન નવીનભાઈ વિકમશી | પરજાઊ | પુત્રી |
| ૨૨-૦૬-૧૭ | વડોદરા | વાણી, આરતી ઉપેન્દ્ર રામજી નાગડા | નલીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૭-૧૭ | ધુલિયા | દિપમ પ્રદિપ ચંદ્રકાંત લોડાયા | વારાપધર | ૨૫ |
| | સિરપુર | યાશિકા યુવરાજ ગિરીશ નાગડા | લુણી | ૨૩ |
| ૧૮-૦૭-૧૭ | ડોમ્બીવલી | સંદીપ પ્રવીણકુમાર કુંવરજી મોતા | જશાપર | ૨૮ |
| | ડોમ્બીવલી | જક્ષિતા અનિલ શામજી ધરમશી | જખૌ | ૨૩ |
| ૨૧-૦૭-૧૭ | નાહુર | અંકુર નિતિન પદમશી ડાઘા | વરાડીયા | ૨૬ |
| | બડગરા (કેરાલા) | આદિતિ વિરચંદ દામજી મોતા | નલિયા | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૭-૧૭ | જામનગર | સાગર ચંદ્રકાંત જગશલાલ પારેખ | જામનગર | ૨૭ |
| | ડોમ્બીવલી | દર્શના સુભાષ ગોવિંદજી લોડાયા | મોટી ખાવડી | ૨૩ |
| ૧૭-૦૭-૧૭ | ડોમ્બીવલી | હર્ષ મહેશ ખેતશી ધુલ્લા | સુથરી | ૨૬ |
| | ડોમ્બીવલી | હીરલ રશ્મીનભાઈ ધનજી ગડા | લાલા | ૨૦ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૨-૧૬ | પાચોરા | સંકેત કિરીટકુમાર ભવાનજી લોડાયા | વારાપધર | ૨૬ |
| | ભાંડુપ | નિરલ ઝવેરચંદ કેશવજી લોડાયા | બાયઠ | ૨૪ |

### લગ્ન છૂટા થયા (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૩-૧૭ | રાજકોટ | રાજેશ જયચંદ ખીમજી લોડાયા | નલીયા | ૪૧ |
| | ભાંડુપ | નેહા હિમતલાલ શીવજી ખોના | રંગપુર | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૭-૧૭ | માંડવી | હેમલતા કરમશી ખોના | સાંધવ | ૭૨ |
| ૧૭-૦૭-૧૭ | બેંગલોર | ચંદ્રકાંત ઉમરશી તેજપાર મોતા | રાપર ગઢવારી | ૬૨ |
| ૧૯-૦૭-૧૭ | નાહુર | જમકુબાઈ ઉમરશી નાગડા (કક્કા) | નલીયા | ૯૧ |
| ૨૧-૦૭-૧૭ | સેંધવા (ડોમ્બીવલી) | શાંતિલાલ પાશવીર પુંજાભાઈ મોમાયા | વરાડીયા | ૮૬ |

### વારાપધરનું તળાવ ઓગનાયું

કચ્છમાં અષાઢી બીજના શુકનવંતા મેઘના મંડાણ થયા અને ૬ ઇંચ વરસાદ વરસતા ગામના તળાવમાં નવા નીર આવ્યા છે. તા. ૩૦ જૂનના સવારે ૧૦.૦૦ કલાકે ગામનું તળાવ ઓગનાઈ જતા ગામના તિલાટશ્રી તેમજ ગામના સરપંચશ્રી એ ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તળાવને વધાવવામાં આવ્યું હતું. ખેડૂતો વાવણીલાયક મેઘ મહેર થતા વાવણી કાર્યમાં વસ્ત થયા છે.

**ભુલ સુધાર :** અંક ૨૯માં પાનાં ૧૫ ઉપર શ્રી પ્રવિણ માણેકજી મૈશેરી સમાચારમાં છપાયેલ વિદ્યાલયને બદલે કુશાભાઉ ઠાકરે પત્રકારિત અને જનસંચાર વિશ્વવિદ્યાલય વાંચવું.

## પાસ થયા અભિનંદન

|  |  |  |
|---|---|---|
| **રોશની ચાંપશી શાહ** | **કેવલ ખોના** | **ચિ. આરતી મૈશેરી** |
| ડોંબિવલી | હુબલી - નલીયા | આકોટ |
| XI - Commerce | D.E. (Mech) | S.S.C. |
| **37.08%** | **75%** | **91.80%** |

# આણંદ પરિવાર – તેરા નું ગૌરવ

અરિહંતની કૃપા, ગુરૂદેવોના આશીર્વાદ, માં સરસ્વતીની મહેર અને વડિલોની શુભપ્રેરણાથી અમારા લાડલા કુળદીપકોએ વહેવારીક ભણતરમાં પરિવારનું નામ રોશન કર્યું છે, તેમને

## હૃદયપૂર્વકના અભિનંદન

હજી પણ ભણી-ગણી પરિવારનું નામ ઉચ્ચ કક્ષાએ લઈ જાય તેવી પ્રભુ આગળ પ્રાર્થના.



**ચિ. કોમલ હરીશ દંડ**

જન્મતારીખ : ૭-૭-૧૯૯૪

મેંગલોર

M.Sc Physics (2nd Rank)

Lecturer તરીકે નિયુક્ત



**ચિ. મીહીર હીતેન દંડ**

જન્મતારીખ : ૧૧-૩-૧૯૯૮

હુબલી

Diploma in Civil Engg.



**ચિ. મેહલ કેતન દંડ**

જન્મતારીખ : ૭-૨-૧૯૯૬

નાગપુર

B.Com (Distinction)

MBA નું ભણતર ચાલુ છે

| | | | |
|---|---|---|---|
| માતા-પિતા : | **અ.સૌ. વંદના હરીશ દંડ** | **અ.સૌ. હંસા હિતેન દંડ** | **અ.સૌ. ચેતના કેતન દંડ** |
| ભાઈ/બેન : | **અ.સૌ. ચાંદની મીખીલ લોડાયા** | **ચિ. વિશાલ હિતેન દંડ** | **ચિ. સોનલ કેતન દંડ** |
| નાનાણા : | **માતૃશ્રી પુષ્પાબેન લક્ષ્મીચંદ લોડાયા,** કોઠારા | **માતૃશ્રી લક્ષ્મીબાઈ ઝવેરચંદ મોતા,** રાપર ગઢવારી | **માતૃશ્રી ગીતાબેન વીરચંદ મેઘજી મોતા,** નલીયા |

તમારી ઝળહળતી સિધ્ધિ, કોઈ હસ્તરેખામાં આલેખાયેલી
વિધિની કમાલ નથી એ તો તમારા સદ્‌કર્મોના પ્રતાપે,
પુરૂષાર્થના કારણે વરેલી સિધ્ધિ છે. જેના તમે હક્કદાર છો.

Congratulations........ Congratulations

*All the Best for Future....*

દાદાણા : **માતૃશ્રી ચંપાબેન લખમશી ધનજી આણંદજી દંડ,** તેરા

ફઈબા : **અ.સૌ. રાજુલા અનીશ મોમાયા,** સાંયરા - હુબલી

**યશ** તથા **શ્રદ્ધા અનીશ મોમાયા**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (24-07-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



## અંતરના હાર્દિક અભિનંદન


લાડલી **ચિ. આરતી મૈશેરી** એ S.S.C. ની પરિક્ષામાં **91.80%** માર્કસ પ્રાપ્ત કરી અમારા પરિવારનું નામ રોશન કર્યું છે. અમારો પુરો પરિવાર એના ઉજવલ ભવિષ્યની કામનાની સાથે ઘણાંજ હર્ષથી અભિનંદન તથા આશિષ આપે છે.

**ચિ. આરતી મૈશેરી**
S.S.C - 91.80%

: શુભાશીષ :


દાદા-દાદી : **સૌ. સપના જીવન મૈશેરી** (આકોટ)
ફુઈ -ફુઆ : **સૌ. પ્રિતી ભાવેશ ધરમશી** (નાશિક)
ફુઈ -ફુઆ : **સૌ. મનિષા રાજેશ શાહ** (અમરાવતી)
**મણિલાલ માણેકજી મૈશેરી સમસ્ત પરિવાર** (આકોટ)
**વેલજી ખેતશી ધરમશી સમસ્ત પરિવાર** (પુસદ)
ભાઈ-બહેન : **રોનક, ભકતી, ઐશ્વર્યા, તૃષ્ણા**





પૂ. મુનીરાજ
શ્રી સર્વોદયસાગરજી મ.સા.ના અંતિમ દર્શન

## પ્રથમ માસિક પુણ્ય તિથીએ "મોટા ભાઈ"ને ભાવભરી શ્રદ્ધાંજલિ



### પુણ્ય શ્લોકી ચંદ્રસેન મોમાયા

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં..

યાદો વિસરાતી નથી.... કેમ કરી વિસરાય ? ૬૦ વરસના ઋણાનુંબંધ આમ અચાનક પૂર્ણ થશે એ હજુએ માનવામાં આવતું નથી. મંગળવાર આવે ને "ચાંદભા"ને As Usual મોડું થશે. રાહ જોઈએ છીએ, ખેર !

તમે સદેહે સાથે નથી એ સચ્ચાઈ છે, પરંતુ તમે કર્મ અને મર્મના માણસ હતાં એની સુવાસ અમારા શ્વાસમાં સદાય જીવંત રહેશે અને આમ જ તમારું અસ્તિત્વ અમારી સાથે રહેશે, એવો મોટાભાઈ, અમને વિશ્વાસ છે.



આપનો સમગ્ર પરિવાર પ્રત્યેનો પરોપકારી પ્રેમાળ પ્રભાવશાળી સ્વભાવ, અમિયલ દ્રષ્ટિ સદાય અમારા અંતરમાં અંકિત રહેશે. પરમકૃપાળુ પરમાત્માને એ જ પ્રાર્થના કે આપનો હળુકર્મી આત્મા જે દિશામાં વિહરમાન હોય ત્યાંથી મોક્ષમાર્ગનો આરાધક બને !!

એ જ અમારી પ્રાર્થના... અભ્યર્થના સહ શ્રધ્ધા સુમન...

**સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા**
(ઉ.વ. ૬૨)
વરાડીયા - કચ્છ (ઘાટકોપર )
જન્મ : તા. ૧૪-૦૬-૧૯૫૫
દેવ શરણ : તા. ૧૭-૦૬-૨૦૧૭

લિ.

**હિરાચંદ ચાંપશી મોમાયા પરિવાર**
**હિરાલાલ ભવાનજી મોમાયા પરિવાર**
**રમેશ ભવાનજી મોમાયા પરિવાર**
**સુશીલાબેન મણીલાલ દંડ પરિવાર**
**પુષ્પા મોતીચંદ શાહ પરિવાર**
**અરજણ દેસર મોતા પરિવાર**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,